ગાયન ૨ જું.

પાટીદારોના બાર માસ.

(વૈદરભી વનમાં વનવલે) એ રાગ.

ભાવઠ ભાગોને ભુદરા કહીએ કણબીનું દુખ
કરૂણાલય કૃપા કરી કયારે આપશો સુખ ભાવઠ. ૧
કારતકે કણબી કુવે ગયો શીર ઉપાડી કોશ. ૯
ધઊંડા વાવવાને કારણે જોયા શુકનને જોશ. ભાવઠ. ૨
માગશરે મન માંહી મલપતો રૂડા ધઊંડા દેખાય ૧૦
પણ ગેરૂજો આવે નહી ભાવઠ ભવની જાય ભાવઠ. ૩
પોશ મહિનાની ટાઢડી વાયુ શીયાળુ વાય
કણબી પાશે કપડાં નથી દાડી કડકડ થાય ભાવઠ. ૪
માહમહીને મનમાં વિચાર્યું દેખી ધઊંડાની પેર
અડધા આપીશું વણીકને અડધા લેઇ જઇશું ઘેર. ભાવઠ. ૫
હોળી દેખી કોળી ઉલટયા એવી ફાગણની પેર
ખેતર વિષે ચોરી કરે કણબી જાય જો ઘેર. ભાવઠ. ૬
ચઇતરે ચીંતા હૈયે ઘણી વેરો ભરવાને માટ
ઘર માંહી દામ મળે નહી જાય વણીકને હાટ.
વઇશાખે વીવાહ આદરયા લીધું શુભ લગન
વીવાનું ધન દેવું કરી થયા મનમાં ”
જેઠ મહીને ઝટ ઉઠનો ”
ખંતથી મહેનત ”
અશાડે શાંતિડુ ઝ
ઘરમાંહી બી કે

માસ શ્રાવણ ભલે આવીયો ભીંજાય કણબીની નાર
કેડમાં લટકે બાળકું માથે નીતરે ચાર; ભાવઠ ૧૧
ભાદરવે દુઃખ બહુ થયો મનથી માળો ઘાલ;
ખેતર ટોવાને કારણે હાથે ગોફણુ ઝાલ ભાવઠ. ૧૨
આશોમાં કણબી વાશો રહે ટાઢા ટુકડા ખાય;
કેવો દીન દવાળીનો ન જાણે મનમાંય ભાવઠ. ૧૩
અધીકમાં અધીક શું કીજીએ કહીએ કણબીનું કર્મ;
રળવાથી ખર્ચ કરે ઘણું ગંગારામ જાણે મર્મ. ભાવઠ ૧૪

ગાયન ૩ જું.

પાટીદાર બંધુઓને બે બોલ.

ભુજંગી છંદ.

અરે સાંભળો સજ્જનો વાત મારી રૂચેતો ગ્રહો હોય જો હીતકારી
ધરો ટેકને સંપ જ્ઞાતી સુધારો સખીદીલના બંધવો પાટીદારો. ૧
ભણો ભાવથી બાળકોને ભણાવો મળે સુખ તેથી સદા મન લહાવો
એજ વિધા વિપત્તી વિદારો સખી દીલના બંધવો પાટીદારો. ૨
મારા સ્વજાતી બચે બંધુ તેથી પીડાતા વ્યથાથી
પ્યારો સખી દીલના બંધવો પાટીદારો. ૩
ગ કરો જેટલો તે નકામોજ જાતો;
દીલના બંધવો પાટીદારો.૪
તમો એજ ભાવથી
ધવો પાટીદારો. ૫
ને ઠરીને

નથી પાસ નાણું તમે મન વાળો સખી દીલના બંધવો પાટીદારો.
છકેલા પણું છોડશો બંધુ જ્યારે થશે ઉન્નતી તો તમારીજ ત્યારે
થશો નમ્ર મનના મટાડી વિકારો સખી દીલના બંધવો પાટીદારો. ૭
અત્યારે વધી છે જુઓને ગરીબી લહો પાક મોટા ઘરેનં મળેબા
રળો જેટલું તે લહે લેણુદારો સખી દીલના બંધવો પાટીદારો. ૮
તમો શાળી ગોધુમને નીપજાવો ત્યાપી રહયો બાજરો નીત્ત ખાવો
સુકોને લુખો ખાઈને દીનગાળો સખી દીલના બંધવો પાટીદારો. ૯
દહી દુધને ધૃત નિપજાવનારા ત્યાપી પીએ ધેંશ ને છાશ બાળા
કરોછો કસર તોય ન આવે સુખારો સખી દીલના બંધવો પાટીદારો ૧૦
તમે પાક મોટા કપાશે કરો છો છતાં તો ઉઘાડા દાલેથી ફરો છો
હશે વખતો ચીથરાંવત ન્યાળો સખી દીલના બંધવો પાટીદારો. ૧૧
જુઓને વણીકો તમારાજ ગામે પળી તેલ મીઠના ધંધામાં જામે
તમો દ્રવ્યથી તે બને શાહુકારો સખી દીલના બંધવો પાટીદારો. ૧૨
હિસાબો કરે શેઠ તે સત્ય માનો ગણ્યા સોકે છ'તે તમો નવ જાણો
લહે એમ ખેંચી તમારો વધારો સખી દીલના બંધવો પાટીદારો. ૧૩
ભણેલા નથી દેખશો કુળ શાખે વિનાજ્ઞાન સુખ દુખ તે કોણ આંકે
રળો છો ખરા ન વળે દા તમારો સખી દીલના બંધવો પાટી
રળો થોડુંને ખરચ ઝાઝું કરો છો વળી આવે અવસ
કહો કેમ ના આવે ગરીબીનો વારો સખી
થઈ છે હવે હદ જાગોને વીશ
કહે હીતકર હીતના ઉદગ

ગાયન ૪ થું.

પાટીદારોના મરણ પાછળ નાતવરા અને તેથી વેઠવો પડતો ત્રાસ.

હાણુ લીલાનો રાગ.

વીરા આપવીતી વાત જાણીએરે કરી સુધારોને શુખ માણીએરે
તજો નાતીવરા કેર દુખ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એકવાત કહુ શુણજો વીરારે તમે સમજી લેજો મનમાં ધીરારે
કહુ નાતીવરાનો રીવાજ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એક વૃદ્ધ વડીલ સાઠ વરસનારે તેમને ખરચની ઝાઝેરી તરશનારે
મરતી વખતે વીચાર્યું મન પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
પાશે બોલાવી પોતાની નારનેરે મારૂ કારજ કરજો સારનેરે
આપણે છીએ ઇજતદાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
પછી ડોશા મરણને શુરણ થયારે તેમને પાલખીમાં બાંધીને લેઈગયારે
કીધી દહન ક્રીયા શમશાન પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
સહુકો નાહી ધોઇને ઘેર આવીઆરે બેઠા ઘરમાંને વીચાર લાવીઆરે
ગરીબ દશાનું ઘરબાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
[illegible]ખાની ટાઢી વાળીનેરે ઘરમાં દીકરા મોટા બે બાળીનેરે
[illegible]ગાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
[illegible]ાવો અવસર ફરીને નહી મળેરે
[illegible]ચની વીનતી સાંભળોરે
[illegible] તમાકુ લાવીઆરે
[illegible]નતી સાંભળોરે
[illegible]રવુંછે કુટુંબ ઘણુંરે

માટે ચીઠીઓ લખો દશબાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
પ્રથમ ચીઠી લખી વેવાઇશાળનેરે પછી છોકરાંના મામા મોશાળનેરે
લુગડાં ઉતારીને વાંચજો આવાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
બેન દીકરી ભાણેજ ફોઇ ચારનેરે બીજા સગા વાહલાં દશબારનેરે
આવજો સાતમને સોમવાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
હવે ઘરમાંતો દામ એકે ન થીરે પણ સારૂ ખરચ કરવું સરવથીરે
નહીતો ઇજત આબરૂ જાય પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એક ખેતર હતું તે વેચીયુંરે એક ઘરતે ઘરાણે મેલીયુંરે
પણ આટલેથી પુરૂ ન થાય પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એક ઉકરડો લખી આપીઓરે એક પુત્ર સાથી (નોકર) કરી થાપીઓરે
કર્યાં પાંચ વરસ રૂપીઆ પચાશ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
તેનાં ઘી ગોળને ઘઉં લાવીઆરે પછી આપ કુટુંબી તેડાવીઆરે
વીરા હવે શું જોઇશે આજ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
હવે વીરા મરચુ મીઠુને હળદર લાવજોરે પછી રસોઇ કરવા તેડાવજોરે
હવે તેનો શો કરવો વિચાર પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એક હાંશડી તે વેચી આવીઆરે તેના સર્વે મશાલા લાવીઆરે
પણ દાળ ચોખાનો ઉચાટ પાટીદાર ખરચની વીનતી સાંભળો[illegible]
એક બળદ તે વેચ્યો બત્રીશમાંરે દાળ ચોખા તો [illegible]
તોયે રૂપીઆ તો ખુટયા ચાર પાટીદાર ખ[illegible]
કર્યો શીરો તે સૌ કોઇ ખાઈ [illegible]
હવે સજ્યાનો કહુ મહીમ[illegible]
એક ભેંસ વેચી[illegible]
આપ્યાં સારાં વસ્ત્ર
થાળી વાડકોને ગોદ

કાપ્યું પ્રામણુ કેરૂં દુખ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
સર્વ સગાં જમીને ચાલ્યાં ગયારે પેલાં ડોસીતો પાયમાલ થઇ રહ્યાંરે
કીધું ઇજત રાખવાનુ કામ પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
એક દીકરો તે દહાડી મજુરી કરેરે પેલી ડોશીતે પારકુ પાણી ભરેરે
બીજો દીકરો સાથીપણા માહે પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
વીરા આવાં ખરચ તમે બંધ કરોરે તોતો સંસાર સાગર સહેજે તારે રે
નહીતો દુખના દીવસ જાય પાટીદાર ખરચની વીનતી સાંભળોરે
વીરા સમજો હવે તો હદ થઇરે આવું થશે પછી ઇજત શી રહીરે
કહે ગંગારામ શભા માંહે પાટીદાર ખરચની વીનતી સાંભળોરે

ગાયન ૫ મું.

ભુજંગી છંદ.

અરે બંધુઓ બુદ્ધી છે મુજ કાચી વદુ વેણુતેં માનજો વાત સાચી
સંપી સંપને કલેશ જો દુર જાયે નકકી જ્ઞાતીની ઉન્નતી એમ થાયે
ભણાવો ગણાવો તમે બાળકોને કરો દેખતા ઠોઠ રાખો ન કોને
…ની વડે સરવે કામો સીધાયે નકકી જ્ઞાતીની ઉન્નતી એમ થાયે
… છળે કોઇ એને ટળે તાપ તેના મળે સુખ તેને
…અવનીની મહે નકકી જ્ઞાંતીની ઉન્નતી એમ થાયે
…ારો ઉમંગે ઊઠાવે ઉદ્યોગો હજારો
… જ્ઞાતીની ઉન્નતી એમ થાયે
… કરી ફરજીઆત
…ાની ઉન્નતી એમ થાયે
… બાળલગ્ન મટાડો.

નથી જે અનુકુળ કુધારા જાયે નક્કી જ્ઞાતીની ઉન્નતી એમ થાયે
તમે છો મહા આભના સ્થંભ જેવા અત્યારે થયા છે કહો કેવા
સુણી વાત ને જો સુધારા કરાએ નક્કી જ્ઞાતીની ઉન્નતી એમ થાયે
તમે છો સદા સર્વને પાળનારા સ્વજ્ઞાતી તણાં સંકટો હરનારા
કહે હીતકર શબ્દ સાચા મનાએ નક્કી જ્ઞાતીની ઉન્નતી એમ થાયે

ગાયન ૬ સું.

સુધારા નું નાવ.

ઓધવજી સંદેશો કહેજો શામને એ રાગ.

પાટીદારો ભર નીંદ્રા થકી જાગજો
અધીક ઊંઘશું આવી માહારા વીરજો
જાગીને જોશોરે જ્યારે બંધવા
હ્રદય વીષે નહિ રહે ધારણ ધીરજો. પાટીદારો
સુખ અને શાન્તિના દીવસ વહી ગયા
આવ્યું અચાનક દાવાનળ બહુ દુ:ખજો
આળસ મરડી પાણીથી મુખ પખાળીને
શોધો સાધન જેમાં સમાયુ સુખજો.
સાવધ થઇને હાંકોને વીરા હેતથી
સંસાર સાગરમાં જ્ઞાતી સુધા
કઠણ ખેવટીઆ થ
ભવજળ તી
રસ્તામાં જાજો
સંસાર

મહા મોટા મચ્છ વચમાં વીખન આદરે
આહ આવીને કરશે અતી ઘુંઘાટજો પાટીદારો
આકળા થઇને ઉતાવળ નવ કીજીએ
ઉતાંવળેથી લાગે થાક અપારજો
વીકટ વાટને પંથ ઘણેરા વેગળો
ધીરજપણાથી મળશે ઉત્તમ મારજો પાટીદારો.
રખવાળા લેજોરે રસ્તે ડર ઘણા
પેશંજરને દેવા અ.કી ધીરજો
મુસાફરીમાં સંકષ્ટ બહુ આવી અડે
પણ હીંમત નવ હારશો ઞાતી વીરજો પાટીદારો
વિધારૂપી ધન લેજો સૌ સાથમાં
જેથી સરશે મરવે તમાર કાજજો
આળસ રાખી ઉધમ જો તમે નહિ કરો
તો તેડે આવેલું ડુબા જશે તમ નાવજો પાટીદારો
જગતમાં જનમીનં જન જશ મેળવે
કષ્ટ વેઠી કરે ઞાતી સુધારાનું કામજો
ઉજવી તેણે આપ જનેતાની કુખને
...કર કેરાં માન્ય કરો પ્રણામજો પાટીદારો

---

૯ મું.

પાંણી આવ્યા પહેલાં બાંધી લ્યોને પ શું
આવ્યું કુજ્ઞાન રૂપી પુર શું
તેમાં તણાઇ જશો મહા શુર શું
કરો સુધારા રૂપી નાવ શું
તેમાં બેસીને સામે પારે જાવ શું
તમે આપ વીચારોને મન શું
ગાંઠે બાંધી લ્યોને વિધા રૂપી ધન શું
જેમાં સગા વહાલાંના નહિ લાગ શું
નિજ ભ્રાત માગશે નહિ ભાગ શું
સાત સામટા પડશે દુષ્કાળ શું
પણ વિધા ધન ખુટે ન લગાર શું
જેન લુંટશે નહિ કદી ચોર શું
ચહાય જંગલ હશે મહા ઘોર શું
તેના કાર્ય થશે સૌ શીદ્ધ શું
વીધા વડે પામશે નવનીધ શું
લ્યા ફરજીઆત કેળવણીનું દાન શું
આપો મહારાજાના (સીવાજી હુકમને માન શું
માટે મન વીચારો તત્કાળ
તજી સ્વારથ ભણાવો નીજ બાળ
ખર્ચ ખોટાં ન કરશો લગાર
ચાલો વખત વી...
બાળલગ્નને
નહિતો
કન્યા

તેવા નર તો નીચે નરક જાય — શું
કરૂં અગેવાનોને હું અરજ — શું
કરો સુધારાને બજાવો ફરજ — શું
આવા ચાર સુધારા જો થાય — શું
તો તો દુઃખ સહુ દોયલું જાય — શું
જાગો જાગો વખત વહી જાય — શું
કહે ગંગારામ સુખ સૌ થાય — શું

ગાયન ૮ મું.

હરી ભજન વીના દુખ દરીઆ સંસારનો પાર નહી આવે.

(એ રાગ.)

સ્વજ્ઞાતીજનો સૌ જન મળતાં સર્વે સુખડુ માણ્યું
જગમાં જોતાં જ્ઞાતી સુધારા શમ સુખ અધીક ન જાણ્યુ
પાટીદારોએ જોયુ જાગી સ્વજ્ઞાતી સુધારાની લહે લાગી
ભાવઠ આખા ભવની ભાગીરે — સ્વજ્ઞાતી જનો.
સહી દુખ સુખ અન્નની પર ફરજો સ્વજ્ઞાતી તણાં સંકટ હરજો.
...ાં સત કામ સદાએ કરજોરે — સ્વજ્ઞાતી જનો.
...ા સમરથ કેવા જાણે પાંડવમાં ભીમબાઇ જેવા
ગયા તેવારે — સ્વજ્ઞાતી જનો.
... તુમકર્મમાં રહયો કોદરો ખાવો.
સ્વજ્ઞાતી જનો.
...ો છો અન્ન પણું
સ્વજ્ઞાતી જનો.

તમે ચોક ધણેરા કપાશ કરો પણ વસ્ત્ર વીના અંગ ખુલ્લે ફરો
તમે મજુરી કરીને ઘર વણીક ભરો રે સ્વગ્નાતી જનો.
તમે ખર્ચ કરોછો અણુધાર્યું નથી કરતા સુધારકનું વાર્યું.
પાયમાલ થઇને કરશો હાર્યુંરે સ્વગ્નાતી જનો.
તમે ટાઢ તાપ વરસાદ સહો તમે રાતદીવસ વનવગડે રહો
પણ સુખીઆ નહી તેનુ કારણ કહોરે સ્વગ્નાતી જનો.
તમે હાથે રળેલું ધનધાન્ય હર્યું તમે કુટુંબ પોષણમાં કરજ કર્યું,
છોકરાં રળી ભરશે મન આદર્યુંરે. સ્વગ્નાચી જનો.
વીસ સુધારો હવેતો હદ થઈ ઘરબાર ઘરેણુંને લક્ષ્મી ગઈ,
કહે હીતકર જીભ મમ ઘશાઈ ગઇરે. સ્વગ્નાતી જનો.

ગાયન ૯ મું.

સંપ વિષે

વિરા શ્રષ્ટીમાં સુખ છે સર્વને સંપમાં
કુસંપ કલેશજ દુરજ કરીએ ને સંપતણું સુખ લઇએજો.
વીરા અવનીમાં સંપથકી સુખ થાયજો,
દુરીજન સંગત દુર કરીને સજ્જન શીખ
સજ્જનોનું શરણ્ય સદા શત મ
કહુ કુધાગો દુર કરીને
ગ્નાતીનું હિત
ઘર વેચી ને
ગયા જુગટા

એક શબ્દમાં સમજી લઇએ ને મુમત મુકી દઇએ
કહે ગંગારામ સુધર્યોથી સુખ થાય જો.

ગાયન ૧૦ મું.

(હવે મને હરી નામથી નેહ લાગ્યો. એ રાગ)

હવે તો વીરા સુધારાનો સ્વાદ ચાખો. હદ થઇ છે હવે જાગોરે.
દુષ્ટ રીવાજો ને દુર કરી નાંખો ને જ્ઞાતિકેરૂ કષ્ટ કાપો
જોઅન તન મન ધન અરપીને વિજય વિજય મુખ ભાખોરે. હવેતો.
નાત વરા કેરૂ નામ ન રાખોને દેશવટો તેને દાખો.
પ્રેત ભોજન જ્યાં પીરસાતાં હોય ત્યાં ચપટી ભરીને ધુળ નાંખોરે. હવેતો.
વિદ્યા વિષે જે વિઘ્ન કરનારૂં તે બાળ લગન બાળી નાંખો
કુસંપ કાઢીને સંપ વધારીને વિદ્યા અમીરસ ચાખોરે. હવેતો.
બાળક કેરી બુદ્ધી વધારવાને વિદ્યા વિશેષ ભણાવો
ધન કમાવાને ધંધો શીખે પછી ત્રીયા તેને પરણાવોરે. હવેતો.
વાતો કર્યા થકી કાંઇ વળે નહિ કાર્ય કરે સુખ ભાળો
ગંગારામ કહે ગુણ ગાઇશું દુનીયામાં દાખલા બેસારોરે. હવેતો.

ગાયન ૧૧ મું